# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

****************************************************

1. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ ખાતે ફ્લીટ સપોર્ટ શિપ-1 લોન્ચ કર્યું.
2. પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે ઇંધણના ભાવમાં વધારાની સ્થિતી વચ્ચે તમામ હિસ્સેદારો સાથે સરકાર બેઠક કરશે.
3. SIR મામલે નિર્વાચન સદન સુધી વિરોધ કૂચ કરતાં અટકાવાયાં બાદ વિપક્ષી પાર્ટીના નેતાઓના સંસદ સ્ટ્રીટ પર ધરણાં.
4. તમિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં પાંચ વિધાનસભા બેઠકો અને આસામમાં એક લોકસભા બેઠક માટે પેટાચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે.
5. નાઇજિરિયન લશ્કરી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં 32નાં મોત.
6. લખનૌ ખાતે આજની મેચ સાથે ભારત અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની T-20 ક્રિકેટ શ્રેણીનો આરંભ થશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# DAY RAJNATH - VIZAG

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ ખાતે ફ્લીટ સપોર્ટ શિપ- 1 લોન્ચ કર્યું , ફ્લીટ સપોર્ટ શિપ- 5 માટે ખાતમુહૂર્ત કર્યું અને અપગ્રેડેડ સ્લિપવે-4 અને 300 ટનની ગોલિયાથ ક્રેનનું ઉદ્ઘાટન કર્યું. નવી ક્રેન સાથે અપગ્રેડેડ સ્લિપવે-4, શિપયાર્ડને 45,000 DWT સુધીના જહાજો બનાવવા અને લોન્ચ કરવામાં સક્ષમ બનાવશે. આનાથી મોટા જહાજોનું નિર્માણ કરવાની તેની ક્ષમતામાં વધારો થશે.

## બાઈટ: રાજનાથ સિંહ

# NAIDU ATF PRICES

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ આજે જણાવ્યું કે , પશ્ચિમ એશિયા કટોકટી એક મોટી ચિંતા છે . આ સ્થિતીને કારણે ઉડ્ડયન ટર્બાઇન ઇંધણ ATFના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે.

નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે સરકાર પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે ATFના ભાવ અંગે એરલાઇન્સ અને ઓઇલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) સાથે ચર્ચા કરી રહી છે. તેમણે કહ્યું કે મંત્રાલય તમામ હિસ્સેદારો સાથે બેઠક કર્યા બાદ નિર્ણય લેશે.

# OPPOSITION-PROTEST

સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન  SIR  પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓ અને મુખ્ય ચૂંટણી કમિશનર  CEC  જ્ઞાનેશ કુમારને બરતરફ કરવાની માંગને લઈને આજે વિપક્ષી પક્ષોએ સંસદ ભવનથી ભારતના ચૂંટણી પંચના મુખ્ય મથક નિર્વાચન સદન સુધી વિરોધ કૂચ યોજી હતી.

જોકે,  ચૂંટણી પંચ તરફ આગળ વધતાં વિપક્ષી પાર્ટીના નેતાઓને સુરક્ષા કર્મચારીઓએ તેમને આકાશવાણી ભવન પાસે અટકાવ્યા હતા. કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે  ,  લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય પક્ષોના વિરોધ પક્ષના સાંસદોએ સંસદ સ્ટ્રીટ પર ધરણા કર્યા હતા.

# BJP- CONGRESS

ભાજપે આજે કોંગ્રેસ પાર્ટી પર પ્રહારો કરતા આરોપ લગાવ્યો છે કે દેશમાં અરાજકતાનું વાતાવરણ બનાવવા માટે વિપક્ષી પાર્ટીઓ , ખાસ કરીને કોંગ્રેસ દ્વારા પ્રાયોજિત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા , ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે , વિપક્ષી પાર્ટીઓ પ્રાયોજિત રીતે દેશની બંધારણીય સંસ્થાઓ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી રહી છે. તેમણે કહ્યું કે સમયાંતરે , વિપક્ષી પાર્ટીઓ ભારતીય સેના , સુપ્રીમ કોર્ટ , હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ અને EVMને નિશાન બનાવી રહી છે.

શ્રી પાત્રાએ ઉમેર્યું કે , છેલ્લા કેટલાક અઠવાડિયા અને મહિનાઓથી , અરાજકતાનું વાતાવરણ બનાવવા માટે વિપક્ષ દ્વારા ચૂંટણી પંચને નિશાન બનાવવામાં આવી રહ્યું છે.

# BY POLLS

તમિલનાડુ, પુડુચેરી અને પશ્ચિમ બંગાળમાં પાંચ વિધાનસભા બેઠકો અને આસામમાં એક લોકસભા બેઠક માટે પેટાચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે.

તમિલનાડુમાં મદુરંતકમ અને ધારાપુરમ વિધાનસભા બેઠકો , પુડુચેરીમાં થટ્ટનચાવાડી અને પશ્ચિમ બંગાળમાં રેજીનગર અને નંદીગ્રામ વિધાનસભા બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. આસામમાં નાગાંવ એકમાત્ર લોકસભા બેઠક પર મતદાન થઈ રહ્યું છે. શુક્રવારે મતગણતરી કરવામાં આવશે.

# SEVA SANKALP VIZHINJAM-SEA-PORT CAPSULE

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. તે અંગેની અમારી આ વિશેષ શ્રેણીમાં આજે વાત કરીશું , કેરળમના વિઝિંજામ દરિયાઈ બંદરના વિકાસથી 2047 સુધીમાં વિકસિત ભારતના વિઝનને કેવી રીતે અમલમાં મૂકવામાં આવ્યું છે.**

## VOICE OVER: MITTAL PATEL

*"વિઝિંજામ આંતરરાષ્ટ્રીય બંદર 2047 સુધીમાં ભારતના વિકસિત ભારતના વિઝનને ટેકો આપતા મુખ્ય દરિયાઈ પ્રવેશદ્વાર તરીકે ઉભરી રહ્યું છે. આ બંદરની કુદરતી ઊંડાઈ લગભગ 20 મીટર છે , જે તેને વિશ્વના કેટલાક સૌથી મોટા કન્ટેનર જહાજો માટે અનુરૂપ છે. અહીંથી ડિસેમ્બર 2024 માં વાણિજ્યિક કામગીરી શરૂ થઈ હતી, અને મે 2025 માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા બંદરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.*

### *બાઇટ: PM MODI*

*તેની વિસ્તરતી ક્ષમતા , વિશ્વ કક્ષાની માળખાગત સુવિધા સાથે , વિઝિંજામ વૈશ્વિક દરિયાઈ વેપારમાં ભારતનું સ્થાન મજબૂત કરવા માટે તૈયાર છે , જે 2047 સુધીમાં વિક્ષિત ભારત તરફ રાષ્ટ્રની સફરમાં ફાળો આપશે. મિતલ આકાશવાણી સમાચાર અમદાવાદ.*

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ESANJEEVANI MILESTONE

રાષ્ટ્રીય ટેલિમેડિસિન સેવા, ઈ-સંજીવની, 50 કરોડ ટેલિકન્સલ્ટેશનને વટાવી ગઈ છે. ડિજિટલ ટેકનોલોજી દ્વારા દેશભરના લોકોને સસ્તી, સુલભ અને સારી આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવાના સરકારના પ્રયાસોમાં આ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે , અત્યાર સુધીમાં તમામ 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 50 કરોડથી વધુ ટેલિકન્સલ્ટેશન હાથ ધરાયા છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર , આ સિદ્ધિ આરોગ્ય સંભાળમાં ટેલિમેડિસિનનો વધતો વ્યાપ દર્શાવે છે. તે ખાસ કરીને ગ્રામીણ, દૂરના અને વંચિત વિસ્તારોના લોકોને સારવાર પૂરી પાડવામાં મદદ કરી રહી છે. ઈ-સંજીવની દેશની ડિજિટલ આરોગ્ય પ્રણાલીનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે.

ઈ-સંજીવની હેઠળ હાલમાં એક લાખ 42 હજારથી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરો, 19 હજારથી વધુ મેડિકલ હબ અને 901 ઓનલાઈન ઓપીડી કાર્યરત છે. આ પ્લેટફોર્મ સાથે બે લાખથી વધુ આરોગ્યસંભાળ કાર્યકરો જોડાયેલા છે. અંગ્રેજી અને 14 ભારતીય ભાષાઓ સહિત 15 ભાષાઓમાં દરરોજ આશરે બે લાખ 50 હજારથી ત્રણ લાખ પરામર્શ પૂરા પાડવામાં આવે છે. એક જ દિવસમાં છ લાખથી વધુ ટેલિકોન્સલ્ટેશનનો શિખર રેકોર્ડ કરવામાં આવ્યો છે.

ઈ-સંજીવનીની કુલ સેવાઓમાં 57% થી વધુ મહિલાઓનો હિસ્સો છે. ઈમરજન્સી રિસ્પોન્સ સર્વિસ 112 સાથે પણ ઈ-સંજીવનીને સંકલિત કરવામાં આવી છે. આનાથી ઈમરજન્સીમાં નિષ્ણાત તબીબી સહાય પૂરી પાડવામાં મદદ મળશે. ઈ-સંજીવનીએ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ ( C-DAC) દ્વારા વિકસાવવામાં આવેલી ભારતીય-વિકસિત ડિજિટલ આરોગ્ય સેવા છે.

# NIGERIA- PLANE CRASH

બેનિન સિટીથી લાગોસ જઈ રહેલા નાઇજિરિયન લશ્કરી વિમાન ક્રેશ થયા બાદ મૃત્યુઆંક 32 પર પહોંચ્યો છે. જેમાં 25 મુસાફરો અને સાત ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ બોલા ટીનુબુએ પુષ્ટિ આપી હતી કે, કોઈનો બચાવ થયો નથી અને નાઇજિરિયન વાયુસેનાને તાત્કાલિક ક્રેશના કારણની સંપૂર્ણ તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

ઉડ્ડયન મંત્રી ફેસ્ટસ કેઆમોના જણાવ્યા અનુસાર , વાયુસેના ATR-42 વિમાન ગઈકાલે નિયમિત મિશન પર હતું ત્યારે એર ટ્રાફિક કંટ્રોલર્સનો તેનો સંપર્ક તૂટી ગયો હતો. બાદમાં કાટમાળ દક્ષિણપશ્ચિમ નાઇજિરીયાના દરિયાકાંઠાના શહેર ઇઝ્બોકોડા નજીક, નૌકાદળના બેઝની નજીક મળી આવ્યો હતો .

# EU-RUBIO-EUROPE

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ નાટો સહયોગીઓના ત્રણ દેશોના પ્રવાસની શરૂઆત આઇસલેન્ડથી કરી છે. રેકજાવિકમાં , શ્રી રુબિયોએ આઇસલેન્ડને એક સારો મિત્ર ગણાવ્યો અને કહ્યું કે વાટાઘાટો આર્કટિક સુરક્ષા , મજબૂત વ્યાપારી અને ઉર્જા સંબંધો અને ગાઢ સંરક્ષણ સહયોગ પર કેન્દ્રિત હશે. તેમની મુલાકાત ગ્રીનલેન્ડ પર રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વારંવારની ટિપ્પણીઓ અને સોશિયલ મીડિયા નકશા પર ચિંતાઓ વચ્ચે આવી છે , જેમાં આઇસલેન્ડને યુએસ ક્ષેત્રમાં સમાવવામાં આવ્યો હોવાનું જણાય છે.

# US-CARIBBEAN-IRAN

અમેરિકા, કેનેડા અને આઠ લેટિન અમેરિકન અને કેરેબિયન દેશોએ ઇરાન અને તેના પ્રોક્સીઓ પર પશ્ચિમ ગોળાર્ધમાં આતંકવાદી પ્રવૃત્તિઓ અને અન્ય ગેરકાયદે કામગીરીનો આરોપ લગાવ્યો છે. આવી પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે વધુ સંકલન પર ભાર મૂક્યો છે. આ સંયુક્ત ઘોષણા ગયા મહિને યોજાયેલા યુએસ-પેરાગ્વે ફોરમ બાદ કરવામાં આવી હતી.

# STOCKS 1200

ભારતીય શેર બજારમાં આજે સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો અડધા ટકાથી વધુના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સમાં 530 થી વધુ અને નિફ્ટીમાં 150 થી વધુ પોઈન્ટનો વધારો જોવા મળ્યો હતો.

ક્ષેત્રીય મોરચે , પાવર, કેપિટલ ગુડ્સ અને ઓઇલ અને ગેસ ટોચના ફાયદાકારક તરીકે ઉભરી આવ્યા હતા , જ્યારે હોસ્પિટલ્સ , આઇટી અને રિયલ્ટીના શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો પહેલો મુકાબલો આજે લખનૌમાં રમાશે. આ મેચ ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે સાંજે 7 વાગ્યે શરૂ થશે. 2026 એશિયન ગેમ્સની ભારતીય ટીમમાંથી 10 ખેલાડીઓની શ્રેણી માટે પસંદગી કરવામાં આવી છે. અન્ય ત્રણ ખેલાડીઓ પણ ટી-20 ટીમનો ભાગ છે.

બીજી તરફ, વેસ્ટ ઇન્ડીઝે શ્રેણી માટે T20 ટીમમાં શિમરોન હેટમાયર, રોવમેન પોવેલ અને રોમારિયો શેફર્ડ જેવા ખેલાડીઓનો સમાવેશ કર્યો છે.

શ્રેણીની આગામી ચાર મેચ 9, 11, 14 અને 17 ઓક્ટોબરે રાંચી, ઇન્દોર, હૈદરાબાદ અને બેંગલુરુમાં રમાશે.

# FIFA INDIA-URUGVE

આજે ફિફા આંતરરાષ્ટ્રીય મૈત્રીપૂર્ણ ફૂટબોલ મેચમાં ભારત ઉરુગ્વે સામે ટકરાશે. આ મેચ સોલ્ટ લેકના યુવા ભારતી ક્રીરંગન ખાતે રમાશે. ભારતે અગાઉ પનામા સાથે 1-0થી ડ્રો કર્યો હતો અને શનિવારે બ્રાઝિલ સામે 4-0થી હારી ગયું હતું.

ભારતીય કોચ ખાલિદ જમીલે કહ્યું કે , અગાઉની મેચમાં ખેલાડીઓમાં સંકલનનો અભાવ હતો. તેમણે કહ્યું કે ઉરુગ્વે સામેની મેચની પ્રથમ મિનિટથી જ ટીમ સાવધ રહેશે. આ દરમિયાન , ઉરુગ્વેના કોચ ડિએગો ફોરલાને ભારતીય ટીમના ઘણા ખેલાડીઓની પ્રશંસા કરી.